૧૨૯: વિવેક અષ્ટક શ્લોક-૧

p. 232

કર્મ જીવં ચ સંશ્લિષ્ટં, સર્વદા ક્ષીરનીરવત્
વિભિન્નીકુરુતે યોઽસૌ, મુનિહંસો વિવેકવાન્

**શબ્દાર્થ:** કર્મ = કર્મ, જીવં = જીવને, ચ = અને, સંશ્લિષ્ટં = મળેલા. સર્વદા = હંમેશા, ક્ષીરનીરવત્ = દૂધ અને પાણીની જેમ, વિભિન્નં = વિભિન્ન, જુદા, કુરુતે = કરે છે, યઃ = જે, અસૌ = આ, એ; મુનિહંસ = મુનિરૂપી રાજહંસ; વિવેકવાન્ = વિવેકવંત

**શ્લોકાર્થ:** હંમેશા દૂધ અને પાણીની જેમ મળેલા કર્મ અને જીવને જે મુનિરૂપી રાજહંસ ભિન્ન કરે છે, તે વિવેકવંત છે.

**ભાવાર્થ:** અનાદિ કાળથી આપણો જીવ, કર્મ અને જીવને (આત્માને) એકમેક છે તેમ માને છે તેથી તેનું અનંતકાળથી સંસારમાં રખડવાનું ચાલુ જ છે.
વિવેક એટલે સાર અને અસારને, હેય અને ઉપાદેયને જુદા પાડવાની શક્તિ. જેમ દૂધ અને પાણી એકમેક થયા પછી તેને જુદા કરવા (ભિન્ન કરવા) દુષ્કર (મુશ્કેલ) છે તેમ આત્મા અને કર્મ એવા એકમેક થયેલા છે કે તેને ભિન્ન કરવા અત્યંત દુષ્કર છે.
વિવેક દ્રવ્ય અને ભાવથી સમજવો જોઈએ.

**શંકા:** દ્રવ્ય વિવેક અને ભાવ વિવેક કોને કહેશો?

**સમાધાન:** દ્રવ્ય વિવેકના બે ભાગ પાડી શકાય.
લૌકિક અને લોકોત્તર દ્રવ્ય વિવેક:

(1) **લૌકિક દ્રવ્ય વિવેક:** અનાજ વીણવામાં બહેનો ઘણી કુશળ હોય છે. અલ્પ સમયમાં ફટાફટ શુદ્ધ અનાજ અને કાંકરા જુદા કરી નાખે છે. સાચો ઝવેરી, સાચા હીરા અને કૃત્રિમ હીરા (ખોટા હીરા) વગેરેનો ભેદ પારખી શકે છે તેને લૌકિક દ્રવ્ય વિવેક કહેવાય.

(2) **લોકોત્તર દ્રવ્ય વિવેક:** ધર્મ અનુષ્ઠાનો આચરવામાં, ક્રમસર step by step અનુષ્ઠાન કરવામાં જે વિવેક બુદ્ધિ છે તે લોકોત્તર દ્રવ્ય વિવેક કહેવાય.

એજ રીતે ભાવવિવેકના પણ બે ભાગ થઈ શકે:

(1) બાહ્ય ભાવ વિવેક:

દેહ, સ્વજનો, વસ્તુઓ પ્રત્યેનો રાગ દૂર કરવો તે બાહ્ય ભાવ વિવેક કહેવાય છે.

(2) અભ્યંતર ભાવ વિવેક:

દ્રવ્ય કર્મો અને ભાવકર્મો થી આત્માનો અલગ કરવો તે અભ્યંતર ભાવ વિવેક કહેવાય છે.
આત્માની સાથે ઓતપ્રોત થયેલા આઠ પ્રકારના દ્રવ્ય કર્મો અને મોહના ઉદયથી ઉત્પન્ન થતી વિભાવદશા તે ભાવકર્મો. આ બંનેથી આત્માનો અલગ કરવો તે અભ્યંતર ભાવવિવેક.
ટૂંકમાં પહેલા રાગાદિ (વિભાવ દશા) વગેરે ભાવ કર્મથી આત્માને ભિન્ન કરવો અને પછી જ્ઞાનાવરણીય વગેરે દ્રવ્ય કર્મોથી આત્માને ભિન્ન કરવો તે અભ્યંતર ભાવ વિવેક છે.

જીવ અને કર્મનો સંબંધ ક્ષીરનીર જેવો એટલે કે દૂધ અને પાણી જેવો છે. કર્મથી આત્માને જુદા કરવા માટે મુનિએ હંસવૃત્તિવાળા બનવું જોઈએ. લોકમાન્યતા પ્રમાણે હંસમાં એવી શક્તિ છે કે તે દૂધ-પાણીના મિશ્રણમાંથી દૂધ પી જાય છે અને પાણી પડ્યું રહે છે.
સાધનાથી, ધ્યાન અને કાયોત્સર્ગથી એવી ઊંચી દશા પ્રાપ્ત થઈ શકે છે કે જ્યારે દેહ અને આત્મા જુદા જણાય છે. જે જીવ આવો અનુભવ કરે તેનો વિવેકવંત (વિવેકવાળો) કહેવાય છે. જ્ઞાનથી જાણ્યા પછી હેયનો ત્યાગ અને ઉપાદેયનો સ્વીકાર થવો જોઈએ અને ત્યાંથી પણ સાધના ઘણી આગળ વધવી જોઈએ.

સૌ પ્રથમ નીચે જણાવેલા લક્ષણો દ્વારા જીવ દ્રવ્ય અને પુદ્ગલ દ્રવ્યને જુદા સમજવા પડે પછી હંસની જેમ મુનિ બંને દ્રવ્યોને અલગ-અલગ સાધના દ્વારા કરે છે.

(૧) જીવ દ્રવ્ય (આત્મા) અનાદિકાળથી છે અને અનંતકાળ રહેવાનો છે તેથી નિત્ય છે.
શરીર, અલંકાર, કર્મો ઓછા-વત્તા કોઈ ભવમાં હોય અને બીજા ભવમાં ન હોય એવું બન્યા કરે માટે પુદ્ગલ દ્રવ્યો અનિત્ય છે

(૨) જીવ વર્ણ-ગંધ-રસ અને સ્પર્શથી રહિત છે એટલે અમૂર્ત છે.
પુદ્‌ગલ દ્રવ્યો વર્ણાદિવાળા છે, મૂર્ત છે, રૂપી છે.

(૩) જીવ અચલિત છે. એટલેકે નવા નવા ભવો પામવા છતાં જીવ દ્રવ્ય તેવું તેજ રહે છે.
જ્યારે પુદ્‌ગલો પરિવર્તનવાળા છે. આજે રૂપાળા તો કાલે કુરૂપ હોય, આજે સુગંધી હોય અને કાલે દુર્ગંધ મારતા હોય.

(૪) જીવમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર વગેરે અનંત ગુણો છે.
જ્યારે પુદ્‌ગલો જડ છે. જીવનો એકપણ ગુણ જડમાં નથી.

(૫) નિશ્ચયનયથી જીવ પોતાના સ્વરૂપનો જ કર્તા છે, પોતાના સ્વરૂપનોજ ભોક્તા છે. પોતાના સ્વરૂપમાં જ રમણતા કરનારો છે.
પુદ્‌ગલોમાં કર્તૃત્વ, ભોક્તૃત્વ, રમણતા આવા ધર્મોથી સર્વથા રહિત છે.

આ રીતે આત્મા અને કર્મ વગેરે પુદ્‌ગલ દ્રવ્યનો ભેદ સમજીને સ્વીકારીને જે મોહાન્ધ થતાં નથી, અલ્પમાત્રાએ પણ અંજાતા નથી તે જ સાચા મુનિ છે, વિવેકવાળા છે.
આવા હંસ-વૃત્તિવાળા મુનિ એકાંતમાં રહીને નિત્ય સ્વાધ્યાયમાં મશગૂલ રહે છે અને આત્મતત્ત્વના ચિંતનમાં લીન થાય છે.

ટૂંકમાં પહેલા રાગાદિ વિભાવોથી સર્વથા આત્માને ભિન્ન કરે છે પછી દ્રવ્ય કર્મથી સર્વથા આત્મા ભિન્ન થાય છે. જીવ અને અજીવનું ભેદજ્ઞાન તે વિવેક.

૧૫ : વિવેક અષ્ટક: શ્લોક-૨ P 235

: ભેદજ્ઞાનની દુર્લભતા :

(દેહાત્માદિ + અવિવેક: + અયં)

દેહાત્માદ્યવિવેકોઽયં સર્વદા સુલભો ભવે
ભવકોટ્યાઽપિ તદ્ભેદ, વિવેકસ્ત્વતિદુર્લભ:

(તદ્ભેદ વિવેક + તુ + અતિદુર્લભ:)

<u>શબ્દાર્થ:</u> દેહાત્માદિ = શરીર અને આત્મા વગેરે; અવિવેક = અવિવેક; અયં = આ; સર્વદા = સદા, હંમેશા; સુલભ = સુલભ, સુખેથી પ્રાપ્ત થઈ શકે એવો; ભવે = સંસારમાં; ભવ = જન્મ; કોટ્યા = કરોડો; અપિ = પણ; તદ્ભેદવિવેક = તેના ભેદનો વિવેક, ભેદજ્ઞાન; તુ = પણ; અતિદુર્લભ = અત્યંત દુર્લભ છે.

<u>શ્લોકાર્થ:</u> સંસારમાં હંમેશા શરીર અને આત્મા વગેરેનો અભેદ-અવિવેક સુખેથી પ્રાપ્ત થઈ શકે એવો (સુલભ) છે, (પરંતુ) કરોડો જન્મ વડે પણ તેનું ભેદજ્ઞાન અત્યંત દુર્લભ છે.

<u>ભાવાર્થ:</u> અત્યંત ઝડપથી આગળ વધતા આ કમ્પ્યુટર યુગમાં, ભૌતિક સુખ-સમૃદ્ધિ મેળવવા માટે મનુષ્ય દોડધામ કરી રહ્યો છે. આત્માનું સ્વતંત્ર અસ્તિત્વ છે એ વાત તદ્દન ભૂલાઈ ગઈ છે, તો આત્માનું શુદ્ધ જ્ઞાનમય સ્વરૂપ તો જાણવાની વાત જ ક્યાં રહી? હરેક ભવમાં શરીરને પોષવાનું જ કામ કર્યું છે. મનથી ભિન્ન, વચનથી ભિન્ન અને કાયાથી ભિન્ન આત્મા છે. આ રીતે આત્માનું સ્વતંત્ર અસ્તિત્વ જાણવું અને શ્રદ્ધા થવી અતિ દુર્લભ છે. આ શરીર નાશવંત છે, મૃત્યુ નિશ્ચિત છે, ફક્ત <u>આત્મા જ અમર છે એવું બુદ્ધિથી બધા સ્વીકારે છે પણ શરીર અને આત્મા જુદા છે તેનો ભેદજ્ઞાન વડે અનુભવ કરવો એ તદ્દન જુદી વાત છે.</u> આ ભેદજ્ઞાન કરવા માટે અન્તરાત્મદશા પ્રાપ્ત કરવી જરૂરી છે. પાંચ ઈન્દ્રિયોના વિષયો પ્રત્યે જ્યાં સુધી આસક્તિ (મોહ) રહે ત્યાં સુધી આત્મા તરફ મન વળતું નથી. વિષયો પ્રત્યેનો રાગ ઘટે ત્યારે કષાયો મંદ પડે છે અને તત્ત્વ પર શ્રદ્ધા શરૂ થાય છે. ભેદજ્ઞાનની પ્રેરણા આપનારા સદ્ગુરુઓનો સત્સંગ કરવો ગમે છે. <u>ભવોભવના મોહના સંસ્કારથી અભેદબુદ્ધિ થવી સહેલી છે. પરંતુ ભેદબુદ્ધિ પ્રાપ્ત થવી અતિ દુર્લભ છે. આ માટે વિવેક જોઈએ.</u>

૧૨૫ વિવેક — શ્લોક - ૩ — P. 236

## : શુદ્ધ આત્માની નિર્વિકારિતા:

(શુદ્ધ+અપિ)

શુદ્ધોઽપિ વ્યોમ્નિ તિમિરાદ્, રેખાભિર્મિશ્રતા યથા
વિકારૈર્મિશ્રતા ભાતિ, તથાઽઽત્મન્યવિવેકતઃ :
(તથા + આત્મનિ + અવિવેકતઃ)

**શબ્દાર્થ:** શુદ્ધે = સ્વચ્છ હોવા; અપિ = પણ; વ્યોમ્નિ = આકાશમાં; તિમિરાત્ = તિમિર રોગથી; રેખાભિઃ = રેખાઓ વડે. મિશ્રતા = મિશ્રપણું; યથા = જેમ; વિકારૈઃ = વિકારો વડે; ભાતિ = ભાસે છે; તથા = તેમ; આત્મનિ = આત્મામાં; અવિવેકતઃ = અવિવેકથી

**શ્લોકાર્થ:** જેમ સ્વચ્છ હોવા આકાશમાં પણ તિમિર રોગથી (નીલ, પીત વગેરે) રેખાઓ વડે મિશ્રપણું ભાસે છે (જણાય છે), તેમ આત્મામાં પણ અવિવેકથી વિકારો વડે મિશ્રપણું (ભાસે છે).

**ભાવાર્થ:** આકાશ ધારો કે સ્વચ્છ અને નિર્મળ છે. તિમિરના (મોતીઓ - ઝામર વગેરેના) રોગવાળો મનુષ્ય ઉપરના નિર્મળ આકાશને જુએ છે. તિમિર રોગના કારણે જોનારને લાલ, લીલી, પીળી વગેરે રેખાઓથી મિશ્રિત આકાશ દેખાય છે. આકાશ સંપૂર્ણ શુદ્ધ અને સ્વચ્છ છે, પણ જોનારની દૃષ્ટિમાં દોષ છે. તેવી રીતે આત્મા સંપૂર્ણ શુદ્ધ છે પણ જોનારની દૃષ્ટિમાં દોષ છે.

અહીં નિશ્ચયનયની દૃષ્ટિએ વાત કરવામાં આવી છે. નિશ્ચય નય પ્રમાણે આત્મા તો અખંડ, શુદ્ધ, બુદ્ધ, નિરંજન, નિર્વિકાર, ચૈતન્યસ્વરૂપ છે. પરંતુ વિભાવદશામાં (રાગ-દ્વેષ વાળો) આવેલો જીવ જ્યારે ક્રોધ કરે છે ત્યારે અવિવેકવાળા લોકો કહે છે કે જીવે અર્થાત્ આત્માએ ક્રોધ કર્યો. ખરેખર તો ક્રોધ, લોભ, માન, માયા, મમતા, રાગ, દ્વેષ વગેરે કશું જ શુદ્ધાત્મા કરતો નથી. પરંતુ આત્માની વિભાવદશાને એની સ્વભાવદશા માની લેવાના અવિવેકને કારણે તેમ લાગે છે.

નિરંતર આત્મજ્ઞાન માટે પ્રયત્ન કરવો જોઈએ. આત્માને ન જાણ્યો તેણે કંઈ નથી જાણ્યું. એવી વિવેક દૃષ્ટિ કેળવો કે જેથી પોતાના વિશુદ્ધ આત્મસ્વરૂપનું યથાર્થ દર્શન થાય. સત્સંગથી વિવેક આવે.

૧૨: સ્વકીય

શ્લોક - ૪

(સ્વામિનિ + એવ + ઉપચર્યતે)

યથા યોધૈ: કૃતં યુદ્ધં, સ્વામિન્યેવોપચર્યતે
શુદ્ધાત્મન્યવિવેકેન, કર્મસ્કન્ધોર્જિતં તથા
(શુદ્ધાત્મનિ + અવિવેકેન) (કર્મસ્કન્ધ: + ઉર્જિતં)

<u>શબ્દાર્થ</u>: યથા = જેમ, યોધૈ: = યોદ્ધાઓ વડે; કૃતં = કરેલું; યુદ્ધં = યુદ્ધ, સ્વામિનિ = રાજામાં; એવ = જ; ઉપચર્યતે = આરોપાય છે; શુદ્ધાત્મનિ = શુદ્ધ આત્મામાં; અવિવેકેન = અવિવેક વડે; કર્મસ્કન્ધ: = કર્મસ્કંધનું; ઉર્જિતં = ફળ; તથા = તેમ

<u>શ્લોકાર્થ</u>: જેમ યોદ્ધાઓએ કરેલું યુદ્ધ રાજા વગેરેમાં જ આરોપાય છે, તેમ અવિવેક વડે કર્મસ્કન્ધનું (પુણ્ય-પાપરૂપ) ફળ શુદ્ધ આત્મામાં આરોપાય છે.

<u>ભાવાર્થ</u>: અહીં ઉદાહરણ આપવામાં આવ્યું છે યુદ્ધનું. યુદ્ધમાં લડવા માટે સૈનિકો જાય છે. રાજા તો પોતાના રાજમહેલમાં બેઠો છે. સૈનિકોને હુકમ સેનાપતિ આપે છે. યુદ્ધમાં સૈનિકોએ વિજય મેળવ્યો હોય તો રાજાએ જીત મેળવી એમ કહેવાય છે. સૈનિકો હારી ગયા હોય તો રાજા હારી ગયા એમ કહેવાય છે. હકીકતમાં રાજા તો યુદ્ધભૂમિ ઉપર ગયા નથી, પણ એ જાતનો વ્યવહાર થાય છે. એને <u>ઉપચાર</u> કહેવામાં આવે છે.

આવી જ રીતે આત્મા ક્રોધ કરતો નથી કે આત્મા હત્યા કરતો નથી, આત્માનો જન્મદિવસ ઉજવાતો નથી તો પણ <u>ઉપચારથી</u> એમ કહેવાય છે. જડ એવા શુભ કે અશુભ કર્મોનો કર્તા આત્મા નથી. આ<u>ત્મા કર્તા નથી અને ભોક્તા પણ નથી એમ શુદ્ધ નિશ્ચયનય કહે છે. શુદ્ધ નિશ્ચય નય પ્રમાણે આત્મા કર્મનો કર્તા છે એમ કહેવામાં અવિવેક દૃષ્ટિ રહેલી છે. શુદ્ધ આત્મામાં એનો જે આરોપ કરાય છે એ માત્ર ઉપચાર છે.</u>

જન્મ...જરા... મરણ વગેરે કર્મોના પરિણામ છે. કર્મકૃત ભાવોનો કર્તા આત્મા નથી. આત્મા તો સ્વભાવનો કર્તા છે. પરંતુ આત્મા અને કર્મની એવી એકતા થઈ ગઈ છે કે કર્મકૃત ભાવોનું કર્તાપણું આત્મામાં ભાસે છે. આ જ અજ્ઞાનદશા છે.